
# ગાંધીનગર વિવાહિત દંપત્તિઓ અને પરિવાર આંકડાઓમાં

સેન્સસના આંકડાઓ પ્રમાણે સમગ્ર ગાંધીનગરના કુલ પરિવારોની સંખ્યા ૨ લાખ ૮૭ હજારની છે. જ્યારે ગ્રામીણ ગાંધીનગર અને શહેરી ગાંધીનગરમાં આ પરિવારોની સંખ્યા અનુક્રમે ૧ લાખ ૬૦,૪૬૦ (૫૫ ટકા) અને ૧ લાખ ૨૬,૪૭૦ (૪૫ ટકા) છે. અગાઉના લેખમાં આપણે જોયું કે ગ્રામીણ અને શહેરી સેન્સસ ક્ષેત્રોમાં ૧૧ ટકા અને ૯ ટકા એવા પરિવારો છે જેમાં એક પણ વિવાહિત દંપત્તિ નથી. આધુનિક જમાના મુજબ અને નાગરિક સ્વાતંત્ર્યની દટિએ કોઈપણ વ્યક્તિનું પરણિત હોવું કે અપરણિત રહેવુ એ તેના વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર છે પરંતુ બીજી તરફ સામાજિક દષ્ટિકોણ આ સંદર્ભે અલગ ભાત પાડે છે. ભારતીય સમાજ વ્યવસ્થા અંતર્ગત સ્થિતિ - લગ્નને કુટુંબની રચના માટેની આવશ્યકતા માને છે. લગ્ન એ પુરૂષ




**લગ્ન અને કુટુંબ સામાજિક દરજ્જા સાથે જોડાયેલું છે**

અને સ્ત્રી વચ્ચેનો સ્વીકૃત સામાજિક સંબંધ છે. કુટુંબની શાખ સાથે લગ્નને એક ધાર્મિક કાર્ય સાથે પણ જોડી દેવાયું છે. આ દષ્ટિએ ભારતીય સમાજજીવનમાં લગ્નનું મહત્વ છે.

લગ્ન સ્ત્રી-પુરૂષ વચ્ચેનો એક વિશિષ્ટ પ્રકારનો સામાજિક સંબંધ છે. જેમાં જાતીય સંબંધો કાયદેસર સ્થાપિત થયેલા હોય છે. લગ્નથી સ્ત્રી અને પુરૂષના સામાજિક દરજ્જા સાથે પણ જોડાયેલું છે. લગ્ન થકી બાળકો પ્રજોત્પાદન સમાજને માટે જરૂરી છે. લગ્નથી કુટુંબ બને છે અને કુટુંબ પણ લગ્નની જેમ માનવસમાજની સાર્વત્રિક ઘટના છે. સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી લગ્ન અને કુટુંબનું મહત્વ સમજાય છે ત્યારે આપણે ગાંધીનગરના વિવાહિત દંપતિઓની વાત સેન્સસના આંકડાઓ દ્વારા કરીએ તો કેટલીક અવનવી વાતો તારવી શકાય એમ છે. એ વિગતોનું કોષ્ટક જોઈએ

**પરણિતો અને પરિવાર**

| પરિવારમાં વિવાહિત દંપતિ | ગ્રામીણ સંખ્યા (ટકાવારી) | શહેરી સંખ્યા (ટકાવારી) |
|---|---|---|
| પરણિત દંપતિ જ નહીં | ૧૮૬૮૦ (૧૧ ટકા) | ૧૨૫૩૯ (૯ ટકા) |
| એક પરણિત દંપતિ | ૯૯૬૦૩ (૬૨ ટકા) | ૮૫૫૨૯ (૬૭ ટકા) |
| બે પરણિત દંપતિ | ૩૨૫૨૧ (૨૦ ટકા) | ૨૨૪૩૭ (૧૭ ટકા) |
| સંદર્ભ : સેન્સસ ૨૦૧૧, ગુજરાત શ્રેણી-૨૫ | | |

કોષ્ટક મુજબ જોઈએ તો ગાંધીનગરમાં પરિવારમાં એક પણ પરણેલા દંપતિ જ કુટુંબમાં ન હોય એની સરેરાશ ૧૦ ટકા એટલે કે દર દસ પરિવારે એક પરિવારમાં કોઈ પરણિત સભ્ય જ નથી અથવા તો છૂટાછેડા-વૈધવ્યના કારણે સાથે રહેતા નથી. ઘર છે પણ પરિવાર નથી એવી સ્થિતિ છે તો બીજી તરફ ગાંધીનગર ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અનુક્રમે ૬૨ ટકા અને ૬૭ ટકા પરિવારો એવા છે કે જેમાં પરણિત દંપતિનું પ્રમાણ એકનું સેન્સસમાં નોંધાયું છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે ગ્રામીણ અને શહેરી બન્ને વિસ્તારોમાં હવે મા-બાપ અને તેમના

● અનુસંધાન પાના - ૭ પર

# વાયબ્રન્ટ સમિટના મહેમાનો માટે ૨૦૦ નવી બોલેરો ગાડી

**ગાંધીનગર પોલીસ હેડક્વાર્ટરના ગ્રાઉન્ડમાં નવી બોલેરો ગાડી પાર્ક કરીને મુકી દેવાઈ**

**વાઇબ્રન્ટ સમિટ પૂર્ણ થયા બાદ વિવિધ જિલ્લાની પોલીસને આ ગાડીઓ ફાળવી દેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૬

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં જાન્યુઆરી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશથી વીવીઆઈપી મહાનુભાવો પધારશે. તેમને એરપોર્ટથી ગાંધીનગર લાવવા અને લઈ જવા માટે વપરાતી પાયલોટીંગ ગાડીઓ પણ નવીનક્કોર લાવવામાં આવી છે. સરકાર દ્વારા ૨૦૦ નવી બોલેરો ગાડી લાવીને ગાંધીનગર પોલીસ હેડક્વાર્ટરના મૂકી દેવામાં આવી છે. આ નવી ગાડીઓ મહાનુભાવના પાયલોટીંગ માટે વપરાશે. વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થયા બાદ આ તમામ નવી ગાડીઓ વિવિધ જિલ્લા પોલીસને ફાળવી દેવામાં આવશે.



ગુજરાત સરકાર દ્વારા દર બે વર્ષે જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવે છે જે રાજયના પાટનગર ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં યોજાય છે. નેતા-અભિનેતાઓ ઉપરાંત વિવિધ દેશોના ડેલીગેટ્સ આ વાઈબ્રન્ટ સમિટના હિસ્સા બને છે. આ તમામ મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ બે મહિનાથી બંદોબસ્ત સ્કિમ તૈયાર કરે છે. આ તમામ મહાનુભાવોને અમદાવાદ એરપોર્ટ થી ગાંધીનગર વાઈબ્રન્ટ સમિટના સ્થળે લાવવા તથા ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ તરફ પરત લઈ જવા સહિતની અવરજવર દરમિયાન તેમની ગાડીઓને માટે પાયલોટીંગ કરતી ગાડીઓ પણ તૈયાર રાખવામાં આવી છે. મહાનુભાવોની ગાડીના પાયલોટીંગ માટે સરકાર દ્વારા નવીનક્કોર ૨૦૦ બોલેરો ગાડી ખરીદવામાં આવી છે. આ બોલેરો ગાડીઓ ગાંધીનગર શહેરમાં પોલીસ હેડક્વાર્ટર સેક્ટર-૨૭ ખાતેના મેદાનમાં પાર્ક કરીને મૂકી દેવામાં આવી છે. એટલું જ નહીં આ તમામ બોલેરો ગાડી વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થયા બાદ જે તે જિલ્લામાં પોલીસને સોંપી દેવામાં આવશે.

# જીપીએસસીની પરીક્ષાનું પ્રશ્નપત્ર લાંબુ અને અઘરૂં

**સ્પર્ધાત્મક પરીક્ષામાં ૭૨ ટકા પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા : પ્રશ્નપત્ર લાંબુ, અટપટુ અને અઘરૂ હોવાનો પરીક્ષાર્થીઓનો મત : લોહી એ કઈ પેશી છે ? વિદેશી મુદ્રાના ભંડોળનું સંચાલન કોણ કરે છે ?**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે યોજાયેલ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષામાં અઘરૂ, અટપટુ અને લાંબુ પ્રશ્નપત્ર હોવાની ફરિયાદ પરીક્ષાના અંતે પરીક્ષાર્થીઓએ કરી હતી.

આજે યોજાયેલ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૭૨ ટકા પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જોકે પ્રશ્નપત્ર લાંબુ, અટપટુ અને અઘરૂ હોવાથી તેનુ મેરીટ ઊંચુ જરૂર જશે તેમ કહેતા પરીક્ષાર્થીઓની પણ સંખ્યા સારી એવી હતી. આખા રાજ્યમાં સવાત્રણ લાખથી વધુ પરીક્ષાર્થીઓ આ પરીક્ષા માટે નોંધાયા હતા. આ પરીક્ષામાં કોઈ જ અનિચ્છનીય ઘટના બની નહિ હોવાનું જિલ્લાતંત્રએ જણાવ્યુ છે.

૨૦ માર્કના આ પ્રશ્નપત્રમાં વિજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃત, ગણિત, અંગ્રેજીના પ્રશ્નો ઉપરાંત વર્તમાન ઘટનાઓને સાંકળીને પણ પ્રશ્નો સમાવાયા હતા.

આજની આ પરીક્ષામાં જે પ્રશ્નો પુછાયા હતા તેમાં 'લોહી એ કઈ પેશી છે ?', ગુજરાતમાં કેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયોન નોટીફાઈ થયેલા છે ?, રાજ્યમાં વિજ ઉત્પાદનમાં સૌથી વધુ હિસ્સો કોનો છે ?, ટ્રેનની લંબાઈ કેટલી છે ?, ગુજરાતમાં એગ્રો મેગા ફૂડ પાર્ક ક્યાં શરૂ થયો હતો ?, ટ્રેન-૧૮ની વિશેષતાઓ શું છે ?, પર્યાવરણ

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં વાદળિયા વાતાવરણમાં પવનના સુસવાટા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ઠંડીની મોસમ જામી છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડીનો પારો ૧૧ ડિગ્રી આસપાસ જ રહે છે. સિઝનની રેકર્ડબ્રેક ઠંડી પણ ૧૧ ડિગ્રી રહી છે. જયારે ઠંડી વધવાની સાથે દિવસે વાદળિયા વાતાવરણ વચ્ચે પવનનુ જોર પણ વધુ હોવાથી નગરજનો માટે ઠંડી વધુ



અસહ્ય બની છે. ઠંડીની સાથે તિવ્ર ગતિએ પવન ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી રહ્યુ હતુ.

ગાંધીનગરમાં ઠંડીની મોસમ નિખરતા જનજીવન સુન્ન પડતુ જાય છે. રાત્રિના સમયે ઠંડીના ચમકારાના લીધે નગરના માર્ગો પર રાહદારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. ઠંડીનો પારો છેલ્લા એક સપ્તાહથી ગગડીને હવે ૧૧ ડિગ્રી આસપાસ જ રહેતા ઠંડીની સહીતના ભાગે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. દિવસ દરમિયાન પણ રોજબરોજ આકાશમાં વાદળો ઘેરાવો નાંખતા મોસમનો નઝારો નિખરે છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ.

**ઠંડી વધુ આક્રમક : પારો ૧૧ ડિગ્રીની આસપાસ રહેતા વહેલી સવારે અને રાત્રિના આકરી ઠંડીની અસરથી નગરના માર્ગો પર સુનકાર**

મોસમ જામી છે. ઠંડીનો મિજાજ એકધારો જળવાઈ રહેતા નગરજનો દિવસે પણ ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે ઠંડીની સાથે પવનનુ જોર પણ વધારે હોવાથી ઠંડીની અસર બેવડાય છે. પવનના લીધે ઠંડીની મોસમ વધુ અસહ્ય બની છે. ઠંડા પવનના લીધે નગરજનો માથા આકાશમાં અલપજલપ દેખા સુરજ દાદા વાદળો વચ્ચે લપાયેલા રહેતા સુર્યપ્રકાશની ગેરહાજરી વચ્ચે પવનના સુસવાટા વધુ આકરા બન્યા હતા. જયારે ઠંડી આકરી બનવાની સાથે મોર્નિંગ સ્કુલમાં શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીમા ઠુંઠવાઈ રહ્યા છે. ઠંડીની મોસમ ધીમે ધીમે ગાંધીનગરને ગિરફતમાં લઈ રહી છે. આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો



પારો ઉંચે જાય તેવી સંભાવના છે. ઠંડીની મોસમ જામતા નગરમાં સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી છે.જયારે રાત્રિના પણ ઠંડા પીણા અને આઈસ્ક્રીમની બદલે ચા તેમજ કાવો પીવાનો ક્રેઝ વધ્યો છે. નગરના શ્રમિકો પણ આકરી ઠંડી વચ્ચે દયાજનક સ્થિતિમાં મુકાયા છે. જયારે નગરના સેવાભાવી અગ્રણીઓ દ્વારા શ્રમિકોને ગરમ કપડાનુ પણ વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

# સે-૬/એ માં નવા 'બી' અને 'સી' કક્ષાના ૫૬૦ આવાસો બાંધવામાં આવશે

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સે-૭ અને સે-૨૯ બાદ હવે સે-૬ માં નવા સરકારી આવાસો બનશે. સે-૬ એ માં બી અને સી કક્ષાના ૫૬૦ જેટલા નવા સરકારી આવાસો બાંધવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી નવા આવાસો બાંધવાના મામલે સ્થળ પસંદગી થતી ન હતી. પરંતુ હવે સે ૬ માં જ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં આગળની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવાના મામલે છેલ્લા ૬ મહીનાથી નિર્ણય લેવાતો ન હતો. આ મામલે અગાઉ નાયબ મુખ્યમંત્રીએ પણ સ્થળ મુલાકાત લઈ નવા સરકારી આવાસો બાંધવાના મામલે ખાલી જગ્યાનુ નિરિક્ષણ કર્યુ હતુ. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામા આવી રહી છે.સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. અલબત્ત રહેણાંકને લાયક નથી. જેને અનુલક્ષી કેટેગરી વાઈઝ કેટલાક આવાસો મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવાયા છે. પરંતુ સરકારી આવાસો તોડવાની પ્રક્રીયાના અંતે હાલ સેકટરોમાં રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઘટતી જાય છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે.જયારે આ ઠેકાણે આવાસોની ફાળવણી પણ કરી દેવામાં આવતા હાલ આ કોલોનીમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ સરકારી આવાસ માટે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે જેના લીધે નવા આવાસોની ડિમાન્ડ વધી છે. એકબાજુ જુના અને કંગાળ આવસો તોડીને સેકટરોમાં જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. ત્યારે નવા આવાસો બાંધવાની યોજના પણ હવે આગળ વધશે. હજુ પણ સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. સેકટરમાં બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવા માટે અગાઉ ખાલી જગ્યાનો સર્વે કરાયો હતો. જયોર ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કરાયા બાદ સાઈટ નક્કી કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયથી જગ્યા

**છેલ્લા ૬ મહીનાથી જગ્યા આખરી ન થતા આવાસો બાંધવાની યોજના અટવાઇ હતી : હવે સાઇટ નક્કી થતા ટુંકમાં કામ હાથ ધરવા માટે આયોજન કરાશે**

નક્કી થતી ન હતી. જયારે આ મામલે અગાઉ નાયબ મુખ્યમંત્રીએ પણ સે-૬ માં જુના સરકારી આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ સ્થળ મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. જો કે ૬ મહીના જેટલા લાંબા સમયગાળાના અંતે નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી કરી દેવામાં આવી છે. સે-૬ માં જ નવા આવાસો બાંધવામાં આવશે. જેમાં સે- ૬ એ માં બી અને સી કક્ષાના ૫૮૦ જેટલા આવાસો બનશે.

# ખેડૂતોને રવિ સિંચાઈ માટે જરૂરિયાત જ મુજબ પાણી અપાશે

**કેવડિયાથી ભરૂચના દરિયા સુધીના વિસ્તારમાં પાણીનો પ્રવાહ યથાવત રહે, લોકોને પાણી મળે તેની ખાતરી કરાશે**

ગાંધીનગર,તા.૧૬

નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, નર્મદા નદીમાં કેવડિયાથી ભરૂચના દરિયા સુધીના વિસ્તારમાં પાણીનો પ્રવાહ યથાવત રહે, નર્મદા કાંઠે વસતા લોકોને બારે મહિના નર્મદાના મીઠા નીર ઉપલબ્ધ થાય અને દરિયો આગળ વધતો અટકે એવા તમામ પર્યાવરણીય હેતુ માટે નર્મદા બંધ અને ગરુડેશ્વર વિયરમાંથી હેઠવાસમાં પાણી છોડવામાં આવે છે. આ માટે ગરુડેશ્વર વિયરની ઉપરવાસમાં એટલે કે સરદાર સરોવર બંધ અને વિયરની વચ્ચે સંગ્રહ કરાતું પાણી એ પાણીનો વેડફાટ નથી, પરંતુ પર્યાવરણીય જરુરિયાત છે. નર્મદાના સ્ત્રાવ વિસ્તારમાં વરસાદ ઓછો થયો હોવા છતાં રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં સમયસર નિર્ણયો લીધા છે અને ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં ખેડૂતોને રવી સિંચાઈ માટે પાકોની જરુરિયાત મુજબ ચાર પાણ અપાશે. નીતિન પટેલે જણાવ્યું હતું કે, નર્મદા કંટ્રોલ ઓથોરિટીના નિર્દેશ મુજબ બંધની હેઠવાસમાં પર્યાવરણીય જરુરિયાત સંતોષવા સતત ૬૦૦ ક્યુસેક પાણી છોડવાનું હોય છે. જે અત્યાર સુધી પોન્ડ નં. ૩ માંથી ગોડબોલે ગેટ દ્વારા છોડવામાં આવતું હતું. જે હવે ગરુડેશ્વર વિયરમાં પણ ગેઈટ લાગી જતાં તેના મારફતે હેઠવાસમાં છોડવામાં આવે છે. આ માટે ગરુડેશ્વર વિયરની ઉપરવાસમાં પાણીનો સંગ્રહ કરવો જરૂરી છે, જે પાણીનો બગાડ નથી. નિર્ધારીત થયેલ ૬૦૦ ક્યુસેક પાણી હેઠવાસમાં સતત છોડાઈ રહેલ છે. રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમ વિશે જાણકારી આપતાં કહ્યું હતું કે, સામાન્ય વર્ષે ગુજરાતને ફાળે આવતાં ૯ મિલિયન એકર ફીટ પાણીના જથ્થાની સામે ચાલુ સાલે નર્મદાના સ્રાવ વિસ્તારમાં વરસાદ ઓછો થતાં ગુજરાતને ફાળે ૬.૮૩ મિલિયન એકર ફીટ પાણી આવવા સંભવ છે.

# આજે અછતની સ્થિતિ અંગે કેન્દ્રીય ટીમ રાજ્યના અધિકારીઓને મળશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં અછતની સ્થિતિનો તાગ મેળવવા આવેલી કેન્દ્રની ટીમ આજે ગાંધીનગર આવશે. રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહના નેતૃત્વમાં તેઓ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે પરામર્શ કરશે.

૧૫ જેટલા અધિકારીઓની આ ટીમ છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના પ્રવાસે છે. ટીમ ત્રણ ભાગમાં વહેંચાઈ ગઈ હતી અને રાજ્યના અતિ પ્રભાવિત કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિતના જિલ્લાઓની મુલાકાત લઈ ત્યાં ચાલતા રાહતકામોનું નિરીક્ષણ કર્યુ છે. રાજ્ય સરકારે કેન્દ્ર પાસે ચોમાસુ નિષ્ફળ જતાં રૂ. ૧૭૫૦ કરોડની સહાય માંગતુ આવેદનપત્ર આપી માંગ કરી હતી. પાંચેય રાજ્યોની ચૂંટણી સંપન્ન થતાંજ આ ટીમ રાજ્યના પ્રવાસે આવી છે.

રાજ્ય સરકાર વતી પાણીની સમસ્યા, ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય આપવાની યોજના સહિત વિવિધ પગલાં જે લેવામાં આવ્યા છે તેને લઈ એક પ્રેઝન્ટેશન પણ તૈયાર કર્યુ છે જે ટીમને બતાવવામાં આવશે.

મુખ્ય સચિવ સાથે યોજાયેલ બેઠકમાં મહેસુલ વિભાગના એસીએસ પંકજકુમાર રાહત કમિશનર મનોજ કોઠારી, રાહત નિયામક બી.કે. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. પશુપાલન માટે ઘાસચારાની વ્યવસ્થા, ટેકાના ભાવે ખેડૂતોના ઉત્પાદન ખરીદવા સહિતની વ્યવસ્થા ઉપરાંત આગામી આયોજનોની વિગતો પણ રજુ કરવામાં આવશે.

# અમદાવાદ આઈટી કમિશનર લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

આવકવેરામાં એસેસમેન્ટ ન કરવા માટે લાંચ લેવાના કેસમાં અમદાવાદના આસિસ્ટન્ટ ઈન્કમટેક્સ કમિશનર સહિત ત્રણ જણાંને એસીબીએ રંગેહાથ ઝડપી લીધા છે. પકડાયેલા આરોપીઓમાં ખુદ સીએમ નિમીતા સિંઘાનીયા પણ લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ ઝડપાતાં આ સમાચારને પગલે સમગ્ર ઈન્કમટેક્સ વિભાગના વર્તુળ અને સીએ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. એક આરોપી હજુ ફરાર હોઈ એસીબીના અધિકારીઓએ તેને પકડવા માટેના ચક્રો પણ ગતિમાન કર્યા છે.

રાજયના ઈન્કમટેક્સ વિભાગના વર્તુળ અને સીએ આલમમાં ભારે ચકચાર જગાવનારા આ પ્રકરણની વિગત એવી છે કે, ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોને એક કરદાતા દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, ઈન્કમટેકસના આસીસ્ટન્ટ કમિશનર સુરેશચંદ મીના અને તેમની જ ઓફિસમાં ફરજ બજાવતા સુરેશ પટણી તેમનું એસેસમેન્ટ નહીં કરવા માટે રૂપિયા આઠ લાખની માગણી કરી રહ્યા છે. આ બંન્ને ઈન્કમટેકસ અધિકારીઓ વતી ચાર્ટડ એકાઉન્ટન્ટ સુમીત સિંઘાનીયા અને મહિલા સીએ નિમીતા સિંઘાનીયા વાત કરી રહ્યા છે. આ ફરિયાદને આધારે એસીબી દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. એસીબીના છટકા પ્રમાણે અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન પાસે દેવઓરમ કોમ્પલેક્ષમાં સીએ નિમીતા સિંઘાનીયા લાંચના આઠ લાખ રૂપિયા લેવા આવ્યા ત્યારે એસીબી અધિકારીઓએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com